# પંચમહાલ જિલ્લામાં ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજ બીલમાં રાહત બાબત

## માનનીય ધારાસભ્યશ્રી – ફતેહસિંહ ચૌહાણ – કાલોલ

## (૧) રાજ્યના ખેડૂતોને વીજ બીલમાં કઈ કઈ રાહતો આપવામાં આવે છે?

જવાબ

- ખેડૂત એ જગતનો તાત છે .ખેડૂત ખેતરમાં રાત દિવસ મજૂરી કરી વિવિધ ખેત પેદાશો દ્વારા સમાજની જરૂરિયાતો પૂરી પાડે છે .ખેડૂતને તેની ખેત-પેદાશોની પડતર કિમત નીચી આવે જેને કારણે ખેડૂતને તેની વિવિધ ખેત પેદાશોનું યોગ્ય વળતર મળે તેમજ પરોક્ષ રીતે ખેત પેદાશો આધારિત ચીજ વસ્તુઓની કિમતનો દર પણ સામાન્ય વ્યક્તિને પોષાય તેમ જળવાય રહે તે માટે ખેડૂતોના તેમજ સામાન્ય વ્યક્તિના વિશાળ હિતમાં ખેડૂતોને વીજ બીલમાં વિવિધ રાહતો આપવામાં આવે છે.
- રાજ્યમાં ખેડૂતો માટે બે પ્રકારના વીજદર છે.

  (૧) હોર્સ પાવર આધારિત અને (૨) મીટર આધારિત

✓ હોર્સ પાવર આધારિત વીજ બીલ ભરતા ખેડૂતો માટે ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા જાહેર કરેલ વીજ દર રૂ.૨૪૦૦ પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષ છે. પરંતુ તેમાં ખેડૂતોને રાહત આપવામાં આવેલ છે. જે મુજબ આયોગે નક્કી કરેલ રૂ.૨૪૦૦ પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષના દરને બદલે ખેડૂતોએ રૂ.૬૬૫ પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષના દરથી વીજ બીલ ભરપાઈ કરવાનું રહે છે અને વીજ દરના તફાવતની રકમ રૂ.૧૭૩૫ પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષ ખેડૂતો વતી રાજ્ય સરકાર સબસીડી સ્વરૂપે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડને ચૂકવે છે.

✓ વીજ ઉત્પાદન ખર્ચમાં વધારાના કારણે વીજ કંપનીઓને થતા ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ વીજ બીલમાં ફયુઅલ સરચાર્જની રકમ વીજ ગ્રાહકે ભરપાઈ કરવાની હોય છે, પરંતુ રાજ્યના ખેડૂતોને ફયુઅલ સરચાર્જ ભરપાઈ કરવામાંથી રાજ્ય સરકાર દ્વારા મુક્તિ આપવામાં આવેલ છે. પૂરેપૂરી રકમ રાજ્ય સરકાર ખેડૂતો વતી સબસીડી સ્વરૂપે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડને ચૂકવે છે.

- ✓ ખેડૂતોને વીજ બીલમાં ઇલેક્ટ્રિસિટી ડ્યુટી ભરવામાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવેલ છે.
- ✓ રાજ્યના ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે વર્ષ ૨૦૨૧-૨૨માં રૂપિયા ૬,૬૫૬ કરોડ અને વર્ષ ૨૦૨૨-૨૩માં રૂપિયા ૮,૨૩૩ કરોડ એમ કુલ મળી બે વર્ષમાં રૂપિયા ૧૪,૮૮૯ કરોડની સબસીડી આપવામાં આવેલ છે.
- ✓ વર્ષ-૨૦૦૨માં રાજ્યમાં ખેતીવાડી જોડાણ ધરાવતા ખેડૂતોની સંખ્યા ૬ લાખ હતી અને તેની સામે વીજ બીલમાં રાહત માટે રૂપિયા ૧૭૨૪ કરોડની સબસીડી આપવામાં આવેલ. છેલ્લા બે દાયકામાં ખેડૂતોને ૧૪ લાખ નવા ખેતીવાડી વીજ જોડાણ આપવામાં આવ્યા અને હાલમાં ખેતીવાડી વીજ જોડાણની સંખ્યા ૨૦ લાખથી વધુ છે તેની સામે વીજ બીલમાં રાહત માટે વર્ષ ૨૦૨૨-૨૩માં ૮૨૩૩ કરોડ રૂપિયાની સબસીડી આપવામાં આવેલ છે. આમ વર્ષ ૨૦૦૨ની સરખામણીમાં ખેડૂતોને વીજબીલમાં રાહત માટે અપાતી સબસીડીમાં છેલ્લા બે દાયકામાં લગભગ પાંચ ગણો વધારો થયેલ છે. તદુપરાંત છેલ્લા બે દાયકામાં ખેડૂતોના વીજ દરમાં કોઈ જ વધારો કરવામાં આવેલ નથી જે સરકારની જગતના તાત એવા ખેડૂતો પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.
- ✓ મીટર આધારિત વીજ બીલ ભરતા ખેડૂતોને વીજ બીલમાં ભરવાના થતા ફિક્સ ચાર્જનો દર અગાઉ હોર્સ પાવર દીઠ માસિક રૂ. ૨૦/- હતો.
- ✓ આ દરમાં ઘટાડો કરવામાં આવેલ છે.
- ✓ ૭.૫ હોર્સ પાવર સુધીના વીજ ભાર માટે પ્રતિ હોર્સ પાવર માસિક ફીક્ષ ચાર્જ રૂ. ૧૦/- કરવામાં આવેલ છે. જ્યારે ૭.૫ હોર્સ પાવરથી વધુના વીજ ભાર માટે રૂ. ૫/- પ્રતિ હોર્સ પાવર માસિક ફીક્ષ ચાર્જ કરવામાં આવેલ છે.

  આમ, મીટર આધારિત વીજ બીલ ભરતા ખેડૂતોને વીજબીલમાં ભરવાના થતાં ફીક્ષ ચાર્જમાં ૫૦% થી ૭૫% જેટલો ઘટાડો કરવામાં આવેલ છે.

## માનનીય ધારાસભ્યશ્રી – નિમિષાબેન સુથાર – મોરવા હડફ

**(૨) રાજ્યના ખેડૂતોને વીજ બીલમાં રાહત સિવાય નવા ખેતીવાડી વીજ જોડાણના એસ્ટિમેટમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ ?**

**રાજ્યના અનુસુચિત જાતિ અને આદિજાતિ વિસ્તારના ખેડૂતો માટે નવીન ખેતીવાડી વીજ જોડાણના એસ્ટિમેટમાં માટે કોઈ વિશેષ રાહત આપવામાં આવે છે કે કેમ ?**

**જવાબ**

**ખેડૂતોને રાહત દરે નવીન ખેતીવાડી વીજ જોડાણ**

- એક ખેતીવાડી વીજ જોડાણ આપવા માટે સરેરાશ રૂ.૧,૭૧,૦૦૦ જેટલો ખર્ચ થાય છે.
- પરંતુ ખેડૂતોને રાહત દરે વીજ જોડાણ આપવામાં આવે છે.
- નવા ખેતીવાડી વીજ જોડાણ માટે ખેડૂત પાસેથી વીજ લાઇન કે ટ્રાન્સફોર્મરનો કોઈ ખર્ચ વસૂલવામાં આવતો નથી.
- ખેડૂત પાસેથી માત્ર સર્વિસ કનેક્શન ચાર્જ અને એનર્જી ડિપોજિટના નાણાં જ લેવામાં આવે છે.
- ૫ હોર્સ પાવરના વીજ જોડાણ માટેના એસ્ટિમેટમાં સામાન્ય યોજના હેઠળ ખેડૂતે રૂ. ૭૮૫૫ અને ૧૦ હોર્સ પાવરના વીજ જોડાણ માટે રૂ. ૧૪૧૯૦ ભરવાના રહે છે.
- રાજ્યના અનુસુચિત જાતિના અને આદિજાતિ વિસ્તારના ખેડૂતોને એસ્ટિમેટમાં વિશેષ રાહત આપવામાં આવે છે.
- અનુસુચિત જાતિના અને આદિજાતિ વિસ્તારના ખેડૂતોને એસ્ટિમેટમાં સર્વિસ કનેક્શન ચાર્જ ભરપાઈ કરવાનો રહેતો નથી, માત્ર એનર્જી ડિપોજિટના નાણાં ભરપાઈ કરવાના રહે છે.

- ૫ હોર્સ પાવરના વીજ જોડાણ માટેના એસ્ટિમેટમાં અનુસુચિત જાતિના અને આદિજાતિ વિસ્તારના ખેડૂતે માટે રૂ. ૧૩૫૫ ભરવાના હોય છે અને ૧૦ હોર્સ પાવરના વીજ જોડાણ માટે રૂ. ૨૧૯૦ ભરવાના રહે છે.
- ખેડૂતોને ઉધ્યોગોની જેમ તેમના ખેતીવાડી વીજ જોડાણ માટે આગવું ટ્રાન્સફોર્મર આપવામાં આવે છે.

## માનનીય ધારાસભ્યશ્રી – જયદ્રથસિંહજી પરમાર – હાલોલ

**(3) તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે પંચમહાલ જિલ્લામાં વર્ષવાર અને તાલુકાવાર કેટલી સબસીડી આપવામાં આવી?**

**જવાબ**

**તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિ એ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે પંચમહાલ જિલ્લામાં વર્ષવાર અને તાલુકાવાર સબસીડીની વિગત.**

**(રૂ.કરોડમાં)**

| અનુ ક્રમ. | તાલુકાનું નામ | ૨૦૨૨ સબસીડીની રકમ | ૨૦૨૩ સબસીડીની રકમ | કુલ (૨૦૨૨ +૨૦૨૩) |
|---|---|---|---|---|
| ૧ | ગોધરા | ૪ કરોડ ૩૭ લાખ | ૫ કરોડ ૩૯ લાખ | ૯ કરોડ ૭૬ લાખ |
| ૨ | શહેરા | ૧ કરોડ ૯૩ લાખ | ૨ કરોડ ૪૭ લાખ | ૪ કરોડ ૩૯ લાખ |
| ૩ | મોરવા | ૧ કરોડ ૩૦ લાખ | ૧ કરોડ ૭૩ લાખ | ૩ કરોડ ૦૩ લાખ |
| ૪ | હાલોલ | ૫ કરોડ ૯૧ લાખ | ૭ કરોડ ૫૦ લાખ | ૧૩ કરોડ ૪૦ લાખ |
| ૫ | કાલોલ | ૭ કરોડ ૯૬ લાખ | ૧૦ કરોડ ૧૨ લાખ | ૧૮ કરોડ ૦૮ લાખ |
| ૬ | ઘોઘંબા | ૪ કરોડ ૩૧ લાખ | ૫ કરોડ ૩૭ લાખ | ૯ કરોડ ૬૯ લાખ |
| ૭ | જાંબુઘોડા | ૪ કરોડ ૧૫ લાખ | ૫ કરોડ ૩૬ લાખ | ૯ કરોડ ૫૧ લાખ |
| **કુલ** | | **૨૯ કરોડ ૯૨ લાખ** | **૩૭ કરોડ ૯૪ લાખ** | **૬૭ કરોડ ૮૬ લાખ** |

## માનનીય ધારાસભ્યશ્રી – સી.કે.રાઉલજી – ગોધરા

**(૪) તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા નવીન વીજ જોડાણ આપવામાં આવ્યા અને તેની સામે નવીન વીજ જોડાણ માટેના એસ્ટિમેટમાં ખેડૂતોને કેટલી રાહત આપવામાં આવી?**

### જવાબ

તા. ૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ માં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર અપાયેલ નવીન વીજ જોડાણ અને એસ્ટિમેટમાં ખેડૂતોને આપવામાં આવેલ રાહતની વિગતો :

| અનુ ક્રમ. | તાલુકાનું નામ | ૨૦૨૨ અપાયેલ નવીન ખેતીવાડી વીજ જોડાણની સંખ્યા | ૨૦૨૨ નવીન ખેતીવાડી વીજ જોડાણના એસ્ટિમેટમાં રાહત (રૂ. કરોડમાં) | ૨૦૨૩ અપાયેલ નવીન ખેતીવાડી વીજ જોડાણની સંખ્યા | ૨૦૨૩ નવીન ખેતીવાડી વીજ જોડાણના એસ્ટિમેટમાં રાહત (રૂ. કરોડમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ગોધરા | ૨૪૦ | ૩ કરોડ ૫૧ લાખ | ૨૬૯ | ૪ કરોડ ૦૬ લાખ |
| ૨ | શહેરા | ૧૮૬ | ૨ કરોડ ૮૮ લાખ | ૨૮૨ | ૪ કરોડ ૫૬ લાખ |
| ૩ | મોરવા | ૯૩ | ૧ કરોડ ૧૭ લાખ | ૧૦૫ | ૧ કરોડ ૬૪ લાખ |
| ૪ | હાલોલ | ૨૧૪ | ૨ કરોડ ૮૭ લાખ | ૨૫૮ | ૩ કરોડ ૭૪ લાખ |
| ૫ | કાલોલ | ૨૦૧ | ૨ કરોડ ૮૬ લાખ | ૩૬૯ | ૬ કરોડ ૩૪ લાખ |
| ૬ | ઘોઘંબા | ૨૮૨ | ૩ કરોડ ૩૨ લાખ | ૨૪૧ | ૨ કરોડ ૬૦ લાખ |
| ૭ | જાંબુઘોડા | ૧૦૨ | ૭૭ લાખ | ૧૨૪ | ૧ કરોડ ૩૩ લાખ |
| | **કુલ** | **૧૩૧૮** | **૧૭ કરોડ ૩૮ લાખ** | **૧૬૪૮** | **૨૪ કરોડ ૨૭ લાખ** |